

હું તો પાટણ શહેરની નાર જાઉં જળ ભરવા, મારે હૈયે હરખ ના માય જાઉં જળ ભરવા.... પરંપરાગત ગરબાઓની મૉસમ જામતી જાય છે ને યુવાન હૈયાઓમાં ઉત્સાહની મૉસમ પણ ચરમસીમાએ પહોંચતી જાય છે.



ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ઉજવવામાં આવતા પરંપરાગત ગરબા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેલૈયાઓ આવવા માંડ્યા છે ને અજવાળી રાતોમાં રંગીન દ્રશ્યોની મૉસમ પણ જામી ગઈ છે. (તસવીર : દિપક જાની)

# નવા સૅક્ટર્સમાં પરંપરાગત શેરી ગરબાના બે ભરચક માહોલ સૅક્ટર-૩ એ ન્યૂ અને સૅક્ટર-૭ સી શિવશક્તિ મંદિર





ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના સૅક્ટર-૭ સી ખાતે શિવશક્તિ મંદિર ચૉક ખાતે જેમ જેમ દિવસો વીતતા જાય છે તેમ અહીં ખેલૈયાઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. અહીં ઘણાં વર્ષોથી નવરાત્રી પરંપરાગત રીતે ઉજવવામાં આવે છે.

આજુબાજુના સૉક્ટર્સના નાગરિકો તેમજ ગ્રામજનો પણ અહીં દર્શન અને ગરબાનો લાભ લેવા મોટી સંખ્યામાં ઉમટી પડે છે. અનેક ખ્યાત કલાકારો અહીં ગીત-સંગીત અને ગરબાની રંગત જમાવી ચૂક્યા છે.

સ્થાનિક વસાહતીઓ દ્વારા આ નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. અને સઘળા વસાહતીઓ અહીં નવરાત્રી દરમ્યાન વ્યવસ્થા અને સુરક્ષા માટે ખડે પગે તૈયાર રહે છે. વ્યવસ્થિત આયોજનને કારણે અહીં ખેલૈયાઓ અને દર્શકોને પણ ગરબા માણવાની મજા આવે છે.

અહીંની ઝળહળતી રોશની લોકોને મંત્રમુગ્ધ કરી દે છે. ગરબાની રમઝટ પુરી થયા બાદ અહીં ખાણી-પીણીની લારીઓ તેમજ સ્ટોલ પર ખાવાના શોખીનોની ભારે ભીડ જોવા મળે છે.

એ જ રીતે ગાંધીનગરના સૅક્ટર-૩ એ ન્યૂમાં થતા ગરબાએ પણ આ વખતે ખાસ્સું આકર્ષણ જમાવ્યું છે. આમ સામાન્ય રીતે સૅક્ટર-૩માં ચારેક જગ્યાએ અલગ અલગ ગરબાના કાર્યક્રમો યોજાતા હતા, પરંતુ આ વખતે આયોજકોએ એક જ સ્થળે એકત્ર થઈને ગરબા યોજ્યા છે અને એ સ્થળ છે સૅક્ટર-૩ એ ન્યૂ. પાર્ટી પ્લૉટનો દેખાવ ઊભો કરે એવા મેદાનમાં ગરબા રસિકો આરામથી ગરબા રમી શકે એવી વ્યવસ્થા છે અને નવરાત્રીનાં નવેય નોરતાં અલગ અલગ કલાકારોનાં જૂથ બોલાવી ગરબાની રમઝટ જમાવાય છે. આ વખતે પ્રથમ વખત જ આ સેક્ટરમાં આવું આયોજન થયું હોવા છતાં લોકોને ખૂબ ધસારો અહીં જોવા મળી રહ્યો છે અને પહેલા જ વર્ષથી આ સહિયારી નવરાત્રી સૌના આકર્ષણનું કેન્દ્ર બની ગઈ છે. પરંપરાગત રીતે યોજાતા શેરી ગરબામાં જોડાવા આસપાસના સેક્ટરના ગરબા રસિકો પણ અહીં આવે છે.

અહીંના ગરબાની ખાસિયત એ છે કે શરૂઆતમાં એક કલાક ખાસ બાળકો માટે આધુનિક તાલે ગરબા યોજવામાં આવે છે, જે કારણે વધુ ને વધુ બાળકો ગરબામાં ભાગ લે છે. એ પછી સૌના માટે પરંપરાગત રીતે ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવે છે, જેમાં આબાલવૃદ્ધ સૌ કોઈ ઉત્સાહપૂર્વક જોડાય છે.

ગરબા પછી દરેક ખેલૈયાને નાસ્તો મળે એવું આયોજન પણ અહીં કરવામાં આવ્યું છે. આયોજન સમિતિના સૌ સભ્યો અને હોદ્દેદારો સ્વયં આ વ્યવસ્થામાં જોડાય છે અને નિત્ય ગરમ નાસ્તો સૌને મળી રહે એનું ધ્યાન રાખે છે.

આખું સેક્ટર એકત્ર થઈને એક જ સ્થળે ગરબા કાર્યક્રમનું આયોજન કરે એવો સેક્ટર-૩નો આ રાહ ખરેખર આગામી દિવસોમાં અન્યો માટે અનુકરણીય બની રહેશે એવો સ્તુત્ય છે.

કારણ કે આવા સમૂહ ગરબા કાર્યક્રમોથી સમગ્ર સૅક્ટરના રહીશો એકબીજાથી નજદીક આવે છે, ભાઈચારો પરસ્પર વધે છે અને સૌથી અગત્યની વાત એનાથી ઊર્જાની ઘણી મોટી બચત થાય છે ઉપરાંત નાગરિકોને પોતાનાં ગરબે રમતાં સંતાનોની સુરક્ષા અંગે પણ કોઈ ચિંતા રહેતી નથી.

## નવરાત્રી ચારે કોર

છઠ્ઠા નોરતે ગીત-સંગીતની સંગત :

- ઉનાવા : ચાચર ચોકમાં શ્રી મહાકાલી માતાના મંદિરે આશા વૈષ્ણવ, ચંદ્રેશ પટેલ.
- સરઢવ : વારાહી ચોક ખાતે નિતીન બારોટ, સોનુ ચારણ.
- સરઢવ : માંડવી ચોક, ઉગમણી ભાગોળ ખાતે દેવજી ઠાકોર અને રીના જોષી.
- સરગાસણ : વેરાઈ માતાના મંદિર ખાતે હરેશ ભાટિયા - શ્રી ગણેશ ગૃપ.
- સૅક્ટર-૨૨ : ગબ્બર ચૉક ખાતે રાજુભાઈ ઠાકોર - ઝનકાર ગૃપ.
- સૅક્ટર-૪ : નવરાત્રી ચૉકમાં ઝલક મ્યુઝીકલ ગૃપ.
- સૅક્ટર-૮ : નવરાત્રી ચૉકમાં ગણેશ કલાવૃંદ.
- કલ્ચરલ ફોરમ ગરબા ગ્રાઉન્ડ ખાતે દર્શના ગાંધી એન્ડ ગૃપ.
- લાયન્સ ક્લબ ગરબા ગ્રાઉન્ડ ખાતે દિપ્તી પાઠક એન્ડ ગૃપ.
- થનગનાટ નવરાત્રી મહોત્સવમાં હિમાંશુ ત્રિવેદી એન્ડ ગૃપ.
- સૅક્ટર-૨૮ : જય અંબે ચૉકમાં પ્રકાશભાઈ રાઠોડ - જુગલબંધી ગૃપ
- સૅક્ટર-૬ એ : લોકનાદ ગૃપના કલાકારો.
- સૅક્ટર-૭ સી : શિવશક્તિ મંદિર ચૉક ખાતે ટીના રબારી-મેલડી ગૃપ
- સૅક્ટર-૩ બી : નવરાત્રી ચૉક ખાતે દિનેશકુમાર એન્ડ પાર્ટી, ગાંધીનગર
- સૅક્ટર-૩ એ ન્યૂ : નવરાત્રી ચૉક ખાતે કૃણાલ કલાવૃંદ, ગાંધીનગર.
- સૅક્ટર-૩ સી : શક્તિ ચૉક ખાતે જય માતાજી મ્યુઝીકલ પાર્ટી.
- સૅક્ટર-૧૭ : શોપીંગ સેન્ટર ખાતે જય પટેલ, લખન ઠાકોર, વિરલ પ્રજાપતિ - ઝનકાર ગૃપ.

## માના શણગારનો ગરબો

માએ ઝાંઝર પહેર્યાં છે સવાલાખના રે !
કડલાનાં મૂલ ના થાય મારી માવડી,
ઝાંઝર પહેર્યા...
માની કેડે કંદોરો સવા લાખનો રે !
બંધનાં મૂલ ના થાય મારી માવડી,
ઝાંઝર પહેર્યા...
માએ વીંટીઓ પહેરી છે સવાલાખની રે !
પ્હોંચીનાં મૂલ ના થાય મારી માવડી,
ઝાંઝર પહેર્યા...
માએ કંગન પહેર્યાં છે સવાલાખના રે !
પાટલાનાં મૂલ ના થાય મારી માવડી,
ઝાંઝર પહેર્યા...
માએ હાર પહેર્યો છે હીરાતણો રે !
હીરાનું મૂલ ના થાય મારી માવડી,
ઝાંઝર પહેર્યા...
માએ ટીલડી ચોડી છે સવાલાખની રે !
વાળીઓનાં મૂલ ના થાય મારી માવડી,
ઝાંઝર પહેર્યા...
માએ નજરો ઢાળી છે નર્યા હેતથી રે !
અમરતનાં મૂલ ના થાય મારી માવડી,
ઝાંઝર પહેર્યા...

- રણછોડ વી પરમાર



નવરાત્રી એ એવો ઉમંગભર્યો તહેવાર છે કે એનાથી ભાગ્યે જ કોઈ બાકાત રહી શકે છે. રાત્રી દરમ્યાન શેરી ગરબામાં અને પાર્ટી પ્લોટ્સમાં ગરબાની મોસમ જામે છે તો દિવસ દરમ્યાન શાળા-કૉલેજના કેમ્પસમાંય ગરબાના કાર્યક્રમો યોજાય છે. સૅક્ટર-૨૩ ખાતે કાર્યરત સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે આવો જ એક ગરબાનો કાર્યક્રમ ચોથા નોરતે યોજવામાં આવ્યો હતો, જેમાં નાના-મોટા સૌ વિદ્યાર્થીઓ સાથે મળીને ગરબે ઘૂમ્યા હતા. કોઈ વિદ્યાર્થીઓએ સ્કૂલ ડ્રેસ જાળવી રાખ્યો હતો તો મોટા ભાગના વળી પરંપરાગત પોષાકોમાં સજજ થઈને આવ્યા હતા. (તસવીર : દિપક જાની)



સૅક્ટર-૪ ખાતે કાર્યરત બટર ફ્લાવર પ્લે ગૃપમાં ભૂલકાંઓ માટે રાસ-ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ભૂલકાંઓ ઉત્સાહપૂર્વક ગરબે ઘૂમ્યા હતા. ગરબા રમીને થાક્યા પછી ઉત્સાહપૂર્વક ભૂલકાંઓએ આ સમૂહ તસવીર આપી હતી.

# કડી સર્વ વિશ્વ વિદ્યાલયની ખોખોની સ્પર્ધામાં ત્રીજા વર્ષેઅશ્વિનભાઈ પટેલ કૉલેજ ચૅમ્પિયન



ગાંધીનગર, તા. ૧૯

સાંઈના મેદાનમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયની યુનિવર્સિટીની ખો-ખોની સ્પર્ધા અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજના યજમાનપદે યોજાઈ હતી. ૧૧ કૉલેજોએ ભાગ લીધો હતો. સ્પર્ધાનું આયોજન અને સંચાલન પ્રૉ. રણછોડભાઈ રથવીએ કર્યું હતું. ભાઈઓમાં અશ્વિનભાઈ કૉમર્સ અને બી.બી.એ. વચ્ચે ફાઈનલ રમાઈ હતી. જેમાં અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજે બી.બી.એ. ને એક દાવ અને ૫ પોઈન્ટથી હાર આપી હતી. બહેનોમાં પણ અશ્વીનભાઈ પટેલ અને બી.બી.એ. (ગાંધીનગર) વચ્ચે ફાઈનલ રમાઈ હતી. તેમાં પણ અશ્વિનભાઈ પટેલ કૉમર્સ કૉલેજનો વિજય સતત ત્રીજા વર્ષે થયો હતો.

ચૅમ્પિયન ટીમનાં ભાઈઓ : પટેલ સંકેત, દેવલ પટેલ, સુરજ પટેલ, આશિષ પટેલ, સારસ ચૌધરી, રમેશ પટેલ, ધ્રુવ પટેલ, ઝાલા વિરેન્દ્ર.

ચૅમ્પિયન ટીમની બહેનો : ગોહિલ સંધ્યા, દેકાવાડીયા કિંજલ, પટેલ જ્યોતિ, પટેલ ઋત્વી, પટેલ રોશની ડી., પટેલ હેતલ ડી., પટેલ જીનલ, ચૌધરી પૃથ્વી, સાધાણી દષ્ટિ, પટેલ રોશની, રાજપૂત હેતલ, રાઠોડ જાગૃતિ. કૉલેજ પરિવાર અને યુનિવર્સિટી ઈન્ચાર્જ પ્રૉ. રણછોડભાઈ રથવીએ અભિનંદન આપ્યા હતા.



ગાંધીનગર શહેરના સૅક્ટર-૯માં કાર્યરત સરસ્વતી વિદ્યાલયના પ્રાંગણમાં શાળાના સૌ વિદ્યાર્થીઓ માટે ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બાલમંદિરથી માંડીને ધોરણ-૧૨ સુધીના વિદ્યાર્થીઓ અને શિક્ષકો પણ આ ગરબા કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા અને સૌએ સાથે મળીને ભક્તિ તથા આનંદના આ પર્વની ઉજવણી કરી હતી. મા અંબાના પૂજન-અર્ચનથી આ ગરબાના કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો હતો. પરંપરાગત પોષાકોમાં આવેલા વિદ્યાર્થીઓએ રંગબેરંગી દ્રશ્યોનું સર્જન કર્યું હતું. નવા-પુરાણા ગરબાઓની સંગતે સૌ મન મુકીને ગરબે રમ્યા હતા અને અંત ભાગમાં સૌએ દાંડિયા રાસની મોજ પણ માણી હતી. આ વિદ્યાર્થીઓ પૈકી જીનલ પરમાર, મીત, પ્રતી, આયેશા મનસુરી, રિદ્ધિ પ્રજાપતિ, પ્રેરણા શાહ, અંજલી શ્રીમાળી, ઋત્વા, રાજન, હિતાંશી અને સંજય યાદવને સુંદર ગરબા રમવા બદલ પ્રોત્સાહક ઈનામોથી નવાજવામાં આવ્યા હતા.